પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૧ ૧૧ મે, ૨૦૧૮, શુક્રવાર ; વૈશાખ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હવાઈમાં એસિડ રેઈનની શક્યતા

અમેરિકાના હવાઈ ટાપુ પર કિલાઉ જ્વાળામુખી ફાટતા અહી વારંવાર વિસ્ફોટ થઈ રહ્યા છે. લાવા ૧૦૪ એકર સુધી ફેલાયો છે. હવાઈ ઓથોરીટીએ જ્વાળામુખી વધુ સક્રિય થતા એસિડ રેઈનની શક્યતા વ્યક્ત કરી છે.

### હરિયાણામાં મહિલાઓ માટે ૩૧ કોલેજ શરૂ કરાશે

હરિયાણા સરકારે મહિલાઓ માટે ૩૧ સરકારી કોલેજો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણમંત્રી રામ નિલાસ શર્માએ આ માહિતી આપી હતી.

### એક્સપ્રેસ વે નું ઉદ્‌ઘાટન ન થતાં સુપ્રિમ નારાજ

કુંડલીથી હરિયાણાના પલવલ સુધીના ૧૩૫ કિમી લંબાઈના ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવેનું ઉદ્‌ઘાટન ન થતા સુપ્રિમે નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યુ છે કે ૩૧મે સુધી પીએમ તેનુ ઉદ્‌ઘાટન કરી દે. જો તેવુ ન થઈ શકે તો ૧લી જૂનથી તેને ખુલ્લુ મુકવામાં આવે.

### લાલુ પહોંચ્યા પુત્રના લગ્નમાં

રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવને જામીન મળતા તેઓ પુત્ર તેજપ્રતાપ યાદવના લગ્નમાં પહોંચ્યા હતા. તેમને લગ્ન માટે ત્રણ દિવસની પેરોલ અપાઈ છે.

# કર્ણાટકમાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત

**૧૨મીએ મતદાન : પ્રચારના છેલ્લા દિવસે મોદી, રાહુલ અને અમિત શાહે તાકાત લગાવી : ત્રિશંકુ વિધાનસભાના મોટાભાગના ઓપિનિયન પોલ વચ્ચે છેલ્લી ઘડી સુધી આક્રમક પ્રચાર : એકબીજા ઉપર પ્રહારો : ચાર કરોડ ૯૬ લાખ મતદારો છે**



બેંગલોર,તા. ૧૦

કર્ણાટકમાં હાઈવોલ્ટેજ પ્રચારનો આજે અંત આવ્યો હતો. ૨૨૪ સીટોવાળી કર્ણાટક વિધાનસભા માટે હવે ૧૨મી મેના દિવસે મતદાન થશે. કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર બનાવી શકશે કે પછી ભાજપ સરકાર બનાવશે તે અંગે ૧૫મી મેના દિવસે ફેંસલો થશે. પ્રચારના અંતિમ દિવસે તમામ તાકાત લગાવી દેવામાં આવી હતી. વરિષ્ઠ નેતાઓ આક્રમક રેલીઓ, પત્રકાર પરિષદ અને રોડ શો કરતા નજરે પડ્યા હતા. બંને પાર્ટીઓ પોતપોતાની જીતના દાવા કર્યા હતા. કોંગ્રેસ પોતાના સૌથી મોટા રાજ્યમાં સત્તાને જાળવવા પ્રયાસ કરશે. બીજી બાજુ ભાજપ મોદી મેજિકનો સહારો સત્તા આંચકી લેવાના પ્રયાસમાં છે. મોદીએ ચૂંટણી તારીખોની જાહેરાત પહેલા જ સભાઓ કરવાની શરૂઆત કરી હતી. ૧૨૪ સીટમાંથી સરકાર બનાવવા ૧૧૩ સીટોની જરૂર છે. કોંગ્રેસ પાસે હાલમાં ૧૨૨ સીટો છે. ભાજપ પાસે ૪૩ અને જેડીએસ પાસે ૩૭ સીટો છે. કર્ણાટક વિધાનસભાની અવધિ મે ૨૦૧૮માં પૂર્ણ થઈ રહી છે. કર્ણાટકમાં ૪ કરોડ ૯૬ લાખ વોટરો છે. ૯૭ ટકા લોકોને ફોટો ઓળખપત્ર જારી કરવામાં આવ્યા છે. ચૂંટણીમાં ૫૬ હજાર મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. તમામ પોલિંગ સ્ટેશન પર ઈવીએમની સાથે વીવીપેટનો ઉપયોગ કરાશે. પ્રચારનો અંત આવી ગયા બાદ ૧૨મી મેના દિવસે મતદાન થશે અને ૧૫મી મેના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. ભાજપ તરફથી

● અનુસંધાન પાન-૭ પર

# આધાર મામલે સુપ્રીમમાં સુનાવણી આખરે પૂર્ણ

**૩૮ દિવસ સુધી લાંબી સુનાવણી હાથ ધરાઈ : બંધારણીય બેંચે હાલમાં ચુકાદો અનામત રાખ્યો**

નવીદિલ્હી,તા. ૧૦

આધારના પ્રમાણને લઈને ઘણા બધા લોકો હજુ પણ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે પણ વારંવાર દરમિયાનગીરી કરી છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટમાં આધારના મામલામાં સુનાવણી પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. બંધારણીય બેંચે હવે ચુકાદો અનામત રાખ્યો છે. આધાર અને તેની સાથે સંબંધિત ૨૦૧૬ના કાયદાની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકનાર અરજી ઉપર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પરિપૂર્ણ થઈ ગઈ છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વવાળી સુપ્રીમ કોર્ટના પાંચ જજોની બંધારણીય બેંચે હાલમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. ચાર મહિના દરમિયાન ૩૮ દિવસ સુધી મેરેથોન સુનાવણી ચાલી હતી. એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, કેશ્વાનંદ ભારતી વિરુદ્ધ કેરળ સરકાર નામના મામલામાં સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આધાર કેસ બીજો મામલો છે જેમાં બંધારણીય બેંચે આટલી લાંબી સુનાવણી હાથ ધરી છે. કોર્ટમાં એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કેન્દ્ર સરકાર તરફથી રજૂઆત કરી હતી. જ્યારે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ, પી ચિદમ્બરમ, રાકેશ દ્વિવેદી, શ્યામ દિવાન પણ કેટલાક પક્ષકારો તરફથી ઉપસ્થિત રહ્યા હતા. આધારની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકીને અનેક અરજીઓ કરવામાં આવી હતી. આધારનો મુદ્દો દેશભરમાં ખુબ

● અનુસંધાન પાન-૭ પર



## ભારતનો સૌથી લાંબો પુલ બે મહિનામાં તૈયાર થશે

ન્યુ દિલ્હી,તા.૧૦

આસામના દિબ્રુગઢને અરુણાચલ પ્રદેશના પાસીઘાટથી જોડનારા દેશના સૌથી લાંબા માર્ગ અને રેલવે પુલનું નિર્માણકાર્ય આ વર્ષના અંત સુધીમાં પૂરું થઈ જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષના અંતમાં પુલનું ઉદ્ઘાટન થાય તેવી શક્યતાઓ છે.

આ પુલને ચીન સાથે જોડાતી સીમાઓ પર રક્ષા શસ્ત્ર-સરંજામ મોકલવા માટે મહત્ત્વનો માનવામાં આવે છે. બોગીબેલ પરિયોજનાના ચીફ એન્જિનિયર મહેન્દ્રસિંહે જણાવ્યું કે આ વર્ષે જુલાઈ સુધીમાં ૪.૯૪ કિ.મી. લાંબા પુલનું નિર્માણ કાર્ય પૂરું થઈ જશે, પરંતુ તેના ઈલેક્ટ્રિકલ અને સિગ્નલનું કામ પૂર્ણ કરવામાં બે માસનો સમય લાગશે. અધિકારીઓએ જણાવ્યું કે બોગીબેલ પુલનું ઉદ્ઘાટન વર્ષના અંત સુધીમાં વડા પ્રધાન મોદી દ્વારા કરવામાં આવે તેવી શક્યતાઓ છે. એશિયાના બીજા સૌથી મોટા પુલમાં ટોપ પર ત્રણ લેનનો રસ્તો છે, તેની નીચે ડબલ રેલવે લાઈન છે.

# તમારું આઝાદીનું સપનું ક્યારેય પૂરું થશે નહિ : સેના અધ્યક્ષ

**કાશ્મીરમાં અશાંતિ ફેલાવનારા જૂથોને આર્મી ચીફની કડક શબ્દોમાં ચેતવણી : કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ અમારુ અભિયાન ચાલુ જ રહેશે, યુવાનો મરે છે તો દુઃખ અમને પણ થાય છે,સીરિયા-પાકિસ્તાનની સેના જેવા અમે ક્રૂર નથી**

શ્રીનગર,તા.૧૦

સેના પ્રમુખ બિપિન રાવતે કાશ્મીરમાં અશાંતિ ફેલાવનારા જૂથોને ચેતવણી આપી છે. તેમણે ઈન્ટરવ્યુમાં કહ્યું કે કાશ્મીરની આઝાદી માટે હથિયાર ઉઠાવનારા યુવાનો જાણી લે કે તેમની આ ઈચ્છા ક્યારેય પૂરી નહીં થાય. તેમણે કહ્યું કે તમે અમારી સાથે લડશો તો અમે તમારી સાથે લડીશું. સેનાપ્રમુખે કહ્યું, કાશ્મીરી યુવાનોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. તેમને કહેવામાં આવી રહ્યું છે કે આ રસ્તા પર ચાલવાથી આઝાદી મળશે.

રાવતે કહ્યું, "હું કાશ્મીરી યુવાનોને જણાવી દેવા માંગું છું કે કાશ્મીરની આઝાદી અસંભવ છે. તે ક્યારેય નથી થવાનું." રાવતે કહ્યું, "હું સેના સાથે અથડામણમાં માર્યા ગયેલા આતંકીઓની સંખ્યાને મહત્વ નથી આપતો. તે તો ચાલતું રહેશે. નવી ભરતીઓ થતી રહેશે. આ બધું મહત્વનું નથી. તેનાથી (આતંકીઓને) કંઈપણ હાંસલ નથી થવાનું. તમે સેનાનો મુકાબલો નહીં કરી શકો."

જનરલ રાવતે કહ્યું કે અથડામણમાં યુવાનો મરે છે તો દુઃખ અમને પણ થાય છે. અમને તેનાથી કંઈ ખુશી નથી થતી. પરંતુ તેઓ લડે છે તો અમારી પાસે પણ ભરપૂર તાકાતથી મુકાબલો કરવા સિવાય કોઈ ચારો નથી બચતો.

સેના પ્રમુખે કહ્યું કે કાશ્મીરી યુવાનોએ સમજવું જોઈએ કે ભારતીય સુરક્ષાદળો બીજા દેશો જેવા ક્રૂર નથી. સીરિયા અને પાકિસ્તાન તો આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે ટેંકો દ્વારા અને હવાઈ હુમલા કરાવે છે. બીજી બાજુ, અમારી સેના નાગરિકોની સુરક્ષા માટે દરેક શક્ય કોશિશ કરે છે.

તેમણે કહ્યું કે અમને ખબર છે કે કાશ્મીરી યુવાનોમાં ગુસ્સો છે, પરંતુ સેનાના જવાનો પર પથ્થર ફેંકવો એ કોઈ ઉપાય નથી.




# કોલેજિયમ જસ્ટિસ જોસેફનું નામ ફરી કેન્દ્રને મોકલાવે : જસ્ટિસ ચેલમેશ્વર

**જસ્ટિસ ચેલામેશ્વરે સીજેઆઈને ચિઠ્ઠી લખી**

ન્યુ દિલ્હી,તા.૧૦

ઉત્તરાખંડ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ કેએમ જોસેફને સુપ્રીમ કોર્ટમાં લાવવા માટે જસ્ટિસ ચેલામેશ્વરે બીજી એક ચિઠ્ઠી ચીફ જસ્ટિસ દીપક મિશ્રાને લખી છે. કેન્દ્રે જસ્ટિસ જોસેફના નામને મંજૂરી આપી નહોતી.

ચિઠ્ઠીમાં જસ્ટિસ ચેલામેશ્વરે જસ્ટિસ જોસેફની સુપ્રીમ કોર્ટમાં નિમણૂકની ભલામણ પર અમલની રાહમાં આવી રહેલા નિયમોનો ઉલ્લેખ કરનાર કાયદામંત્રી રવિશંકર પ્રસાદની ચિઠ્ઠીના તમામ પોઈન્ટનો જવાબ આપ્યો છે. કાયદામંત્રી રવિશંકર પ્રસાદની દલીલોને નકારતા ચીફ જસ્ટિસનું નામ લખેલા પત્રમાં તેમણે ફરીથી જોર આપ્યું છે કે કોલેજિયમ પોતાની ભલામણ પર કાયમ રહેતા ફરીથી જસ્ટિસ જોસેફનું નામ કેન્દ્ર સરકારને મોકલે.

આપને જણાવી દઈએ કે ૮મી મેના રોજ ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ કેએમ જોસેફને પ્રોન્નત કરવાના અનુશંશા પર ફરીથી વિચાર માટે થનાર સુપ્રીમ કોર્ટના કોલેજિયમની બેઠક થઈ નથી. બેઠક બુધવારે યોજાવાનો અંદાજ લગાવામાં આવી રહ્યો હતો. સુપ્રીમ કોર્ટના એક અધિકારીએ કહ્યું કે બેઠક બુધવારે થવાની સંભાવના હતી, પરંતુ ચીફ જસ્ટિસ દીપક મિશ્રા પર નિર્ભર છે કે તેઓ કંઈ તારીખ નક્કી કરશે અને હાલ તેને લઈ કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. કોલેજયમની બેઠક હવે કયારે થશે તેને લઈ કોઈ સત્તાવાર પુષ્ટિ નથી.




## નવજોતસિંહ સિદ્ધુ પર સાંઢે હુમલો કર્યો

અમૃતસર,તા.૧૦

પંજાબના મંત્રી અને પૂર્વ ક્રિકેટર નવજો સિંહ સિદ્ધુ પર એક સાંઢે હુમલો કર્યો હતો. જોકે તેમાં તેનો આબાદ બચાવ થયો હતો. આ ઘટના અમૃતસરમાં બની હતી.

નવજોત સિંહ સિદ્ધુ તેના કેટલાક સાથીઓ સાથે દુર્ગયાના મંદિરમાં ચલાવવામાં આવતા સૌંદર્યીકરણ યોજનાનું નિરીક્ષણ કરવા પહોંચ્યો હતો. આ દરમિયાન તે કેટલાક લોકો સાથે વાત કરી રહ્યો હતો ત્યારે એક સાંઢે તેના પર હુમલો કર્યો હતો.

